ખુબંજ જરુરી

પરિપત્ર

નં: સક/યોજના/નાનાવ્ય/૯૧/૯૨/૧૦૬
નિયામક, સમાજ કલ્યાણ ખાતુ
ડો. જીવરાજ મહેતા ભવન, બ્લોક-૪
બીજોમાળ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
તારીખ: ૭ / ૫ / ૯૧

પ્રતિ,
જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી

.............................

જીલ્લો:- ...............

વિષય:- અનુ.જાતી/અનુ.જનજાતીના નાના વ્યવસાયકારો વ્યવસાયનું સ્થળ અથવા દુકાન ખરીદવા લોન/સહાય આપવાની યોજના બીસીકે- ૪૨

---

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સરકારશ્રીના સમાજ કલ્યાણ વિભાગના ઠરાવક્રમાંક:પરચ/૧૧૮૯/૩૧૯૪(૯૦)જ તારીખ:૩૦/૩/૯૧થી અનુ.જાતીના લોકોને શહેરી વિસ્તારમાં વ્યવસાયનું સ્થળ/દુકાન ખરીદવા માટે નાણાંકીય સહાય આપવાની યોજના મંજુર કરી છે ( નકલ સામેલ છે.) જ્યારે અનુ.જનજાતીઓ માટે આ યોજના સરકારશ્રીના સમાજ કલ્યાણ અને આદિજાતી વિકાસ વિભાગ ( આદિજાતી પ્રભાગ)ના ઠરાવક્રમાંક:ટીએપી/૧૦૮૯/૧૫૫૯/ઘ તા:૪/૧૦/૯૦ તથા ઠરાવક્રમાંક:ટીએપી/૧૦૮૯/૧૫૫૯/ઘ તારીખ:૨૮/૨/૯૧થી મંજુર કરવામાં આવી છે. ( ઠરાવોની નકલો સામેલ છે. )

આ યોજના ફકત અનુ.જાતી અને અનુ.જનજાતીના લોકો માટેની છે આ યોજનામાં અનુ.જાતી/જનજાતી ના વિવિધ વ્યવસાયમાં રોકાયેલા વ્યવસાયકારોને શહેરના બજાર (માર્કેટ)માં વ્યવસાયનુ સ્થળ/દુકાન ખરીદવા માટે વ્યકિતગત રુા.૨૪,૦૦૦/-ની કુટુંબની આવક મર્યાદાને ધ્યાનમાં રાખીને વ્યકિતગત અધિકતમ રુા.૧૦,૦૦૦/-( અંકે રુપિયા દસહજાર પુરા ) ની મર્યાદામાં ખરેખર ખર્ચના ૨૦ટકા સબસીડી અને અધિકતમ રુા.૪૦,૦૦૦/-( અંકે રુપિયા ચાલીસ હજાર પુરા ) ની મર્યાદામાં ખરેખર ખર્ચના ૮૦ટકા લોન આપવાનું નકકી કરેલ ... શરતો અને જોગવાઈઓ ને આધિન રહીને લાભ લેવાનો રહે છે.

..૨..

આ યોજના નો લાભ રાજ્ય સરકાર અથવા રાજ્ય સરકાર હસ્તકના બોર્ડો/ નિગમો અથવા શહેરી વિકાસ મંડળો દ્વારા તૈયાર કરવામાં આવેલી દુકાનો ફાળવવામાં આવે તે દુકાન ખરીદવા માટે જ લોન સહાય આપવાની છે. જીલ્લા-ધિકારીઓએ આ લોન જીલ્લાના વડામથકો એ તાલુકા મથકો એ આપવાની રહેશે. અરજદારે રજુ કરેલ દસ્તાવેજો, પુરાવા અને સાધનિક કાગળોની પુરી ચકાસણી જીલ્લાધિકારીઓએ સ્થળ પર જાતે કરવાની રહેશે. અને લોન માટે આવેલ અરજી અને આપના જીલ્લાને આ યોજના હેઠળ ફાળવવામાં આવેલ ગ્રાન્ટના આધારે અગ્રતાક્રમ માટેનું રજીસ્ટર બનાવીને આપવાની રહેશે. લોન સહાય મંજુર કરતી વખતે આ યોજના હેઠળ ખરીદવામાં આવેલ વ્યવસાયનું સ્થળ/દુકાન સરકારશ્રીએ આપેલ લોન સામે સરકારશ્રીને ગીરે મુકવાની રહેશે. અને મંજુર કરેલ લોન અરજદારે તે હેતુ માટે જ વાપરી છે કે કેમ તે માટેની ચકાસણી કરવાનો અધિકાર ગ્રામ્યઅધિકારીને રહેશે.

આ યોજના આઠમી પંચવર્ષીય યોજનામાં સૌ પ્રથમ વખત અમલમાં આવેલી હોઈ તેનો અમલ સુવ્યવસ્થિત અને આયોજન હેતુ પૂર્વક થાય તે માટે આપ અંગત લક્ષ લેવા તો મારા માનવા પ્રમાણે અનુ.જાતી/અનુ.જનજાતીના લોકોના આર્થિક વિકાસ માટે આ યોજના ઘણી રાહતરૂપ બની રહેશે. આ અંગેનો ખર્ચ જે તે જાતી માટે ઠરાવમાં દર્શાવેલ માંગણી ક્રમાંક અન્વયે ના આયોજન સદરે પાડવાનો રહેશે. પત્રમળ્યા બદલની પહોંચ રજુ કરવા વિનંતી છે.

(પો.કે.વાલેરા.)
નિયામક
સમાજ કલ્યાણ ખાતુ. ગુ.રા.
ગાંધીનગર

//૬૫૯૧//